This Question Paper consists of 10 questions 11 printed pages.
આ પ્રશ્નપત્રમાં 10 પ્રશ્નો અને 11 છપાયેલા પૃષ્ઠો છે.

Roll No.
રોલ નંબર

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | |

**Code No.** **69/SS/A/G**
કોડ નં.

**Set /** સેટ **A**

# GUJARATI
# ગુજરાતી
# (307)

Day and Date of Examination : ..............................................................................
(પરીક્ષાનો દિવસ અને તારીખ)

Signature of Invigilators : 1. ..............................................................................
(નિરીક્ષકોના હસ્તાક્ષર)

2. ..............................................................................

---

**સામાન્ય નિર્દેશ :**

1. વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.

2. પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલાં કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાના ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.

3. ઉત્તર-પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈપણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિન્હ લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.

4. બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો હાથલા તરીકે (A), (B), (C) અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર-પુસ્તિકામાં લખવો.

5. પોતાની ઉત્તર-પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા 69/SS/A/G સેટ A લખવી.



Unnati Educations
9899436384, 9654279279

# GUJARATI
# ગુજરાતી
# (307)

સમય : 3 કલાક ] [ અધિકતમ ગુણ : 100

**સુચના :** *(i)* બધા પ્રશ્નો અનિવાર્ય છે અને પ્રત્યેક પ્રશ્નની સામે અંક આપેલા છે.

*(ii)* બહુવિકલ્પીય પ્રશ્નો માટે એક-એક ગુણ નિર્ધારિત છે.

*(iii)* બહુવિકલ્પીય પ્રશ્નોત્તર લખવા માટે વધારાનો સમય આપવામાં નહિ આવે. બધા પ્રશ્નો આપેલા સમયમાં એકસાથે કરવાના છે.

1. તમામ પ્રશ્નોના જવાબો તમને આપેલી આન્સર બુકમાં આપવાના છે.
2. આ પ્રશ્નપત્ર વાંચવા 15 માટે મિનિટનો સમય આપવામાં આવ્યો છે. બપોરે 02:15 કલાકે પ્રશ્નપત્રનું વિતરણ કરવામાં આવશે. બપોરે 02:15 થી 02:30 વાગ્યા સુધી વિદ્યાર્થીઓ માત્ર પ્રશ્નપત્ર વાંચશે અને આ સમયગાળા દરમિયાન તેઓ જવાબ પત્રક પર કોઈ જવાબો લખશે નહીં.

## વિભાગ – I
(ગુણ – 50)

**1.** નીચેના પ્રશ્નોના એક વાકયમાં જવાબ આપો (કોઈ પણ 10) : 10

*(i)* સાંજ પડે પશુ-પંખીઓ ક્યાં પાછા ફરે છે?

*(ii)* કાવ્ય નાયિકા માડીને કેવી કહે છે?

*(iii)* માંગલ્યનો માર્ગ કેવો છે?

*(iv)* અક્ષરમેળ છંદ શેની સંખ્યા મહત્ત્વની હોય છે?

*(v)* ઉપમેય અને ઉપમાન જુદાં દર્શાવાને બદલે એક જ દર્શાવાયા હોય ત્યારે કયો અલંકાર બને છે?

*(vi)* દામોદર દોશી કરતાં શામળશા શેઠે ક્યાં બે ઘરેણાં વધારાના પહેર્યા છે?

*(vii)* ગિલાનો છેલ્લો ફેરો કયારે પૂરો થતો?



Unnati Educations
9899436384, 9654279279

(viii) માજી ઢોરાં સાથે કેમ બોલે, બાઝે ને પંપાળે?

(ix) ખારવાને ઘેર જતાં પહેલા ક્યા સમય જોવા જરૂરી છે?

(x) લગ્નની સમજૂતી માટે કોણે કેટલી કલમો નક્કી કરેલી?

**2.** નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો : 5

(i) દ્વન્દ્વ સમાસના કયા ત્રણ પ્રકાર પડે છે?

(ii) ધાતુ + ય + લિંગ-વચનના પ્રત્યય આ રચના ક્યા કાળમાં બને છે?

(iii) ''આજે સવારે રીના મુંબઈ જવા નીકળી.'' વાક્યમાંથી ક્રિયાવિશેષણ ઓળખાવો અને તેનો પ્રકાર લખો.

(iv) ગુજરાતી ભાષામાં 'પ્ર' પ્રત્યય મોટે ભાગે શું દર્શાવે છે?

(v) અંગસાધક પ્રત્યયો મોટે ભાગે કયું કાર્ય કરે છે?

**3.** નીચેની ખાલી જગ્યા પૂરો : 10

(i) 'તમે ગુજરાત પહોંચશો ને તમારી દીકરીને પરણનારો સામો મળશે' આ શબ્દો _____ ના છે.

(ii) બેરલને માટે નાટકમાં _____ શબ્દ વપરાયો છે.

(iii) ગિલાએ છકડાનું _____ છોડી દીધું હોત તો બચી ગયો હોત.

(iv) મામેરાના પ્રસંગે શ્રીકૃષ્ણએ _____ નું રૂપ લઈ નરસિંહ મહેતાની મદદ કરી.

(v) મીરાંબાઈની ભક્તિ _____ પ્રકારની કહી શકાય?

(vi) શબ્દ પસંદગી, છંદ, અલંકાર, પ્રતીક કવિતાના _____ પાસાના અંગો છે.

(vii) લઘુ અક્ષરની નિશાની _____ અને ગુરુ અક્ષરની નિશાની _____ છે.

(viii) ઢોલકમાંનો 'ક' _____ નું કાર્ય કરે છે.

(ix) સાદા વાક્યમાં _____ ક્રિયાપદ હોય છે?

(x) ગંગાસતી હરિના જનના મનને _____ સાથે સરખાવે છે.



Unnati Educations
9899436384, 9654279279

**4.** નીચે આપેલા વૈકલ્પિક પ્રશ્નોના સાચા ઉત્તર લખો : 25

*(i)* હરિજનનાં પરમાણ-લક્ષણો નીચેનામાંથી કયાં ગણાય?

(A) જે રોજ વેદ, પુરાણ, ગીતા વાંચે.

(B) જે હરખ શોક, અભિમાન, ઈચ્છા, માયાથી પર હોય.

(C) જે રોજ મંદિર જાય અને કથા સાંભળે.

(D) જે વ્રત કરે, જાપ કરે, નિયમિત ઈશ્વર પૂજા કરે.

*(ii)* બહારના મહેમાનોને રહા-પાણી કે સોડા પાઈ દઈએ એટલે હોંઉ - એવું કેમ?

(A) બહારના મહેમાનોનું સ્વાગત કરવું જ પડે.

(B) બહારના મહેમાનોનો વિશ્વાસ ન કરાય.

(C) રહા-પાણી કે સોડા સસ્તાં પડે.

(D) રહા-પાણી કે સોડા સિવાય કાંઈ મળે નહીં. એટલે તે જ આપવું પડે.

*(iii)* નવીમા ડોક્ટરનો પ્રેમ પામી શક્યા નહીં. કારણ કે...

(A) તે શોખીન હતી

(B) તે રંગીલી હતી

(C) તે છાની રીતે પોતાના શોખ પૂરા કરતી

(D) ડોક્ટરનું મન સંસારમાં રહ્યું ન હતું

*(iv)* ગુરુને સાક્ષાત્કારનો અનુભવ થાય છે પણ શિષ્યોને થતો નથી કારણ કે...

(A) ગુરુએ આપેલી ચાલણગાડી જ તેમના આધ્યાત્મમાર્ગની ઈતિશ્રી બની રહે છે.

(B) ગુરુની ભક્તિ શિષ્યોથી ચડિયાતી હોય છે.

(C) ગુરુ ઈર્ષાને કારણે શિષ્યને ઈશ્વરની અનુભૂતિ થવા દેતા નથી.

(D) ઈશ્વરનો સાક્ષાત્કાર સહેલો નથી. એમ શિષ્યને લાગે છે.



Unnati Educations
9899436384, 9654279279

(v) કુમારિલના મૃત્યુ માટે બા કોને જવાબદાર ગણતાં?

(A) મોટી બહેનને

(B) દાદાજીને

(C) પોતાની જાતને

(D) પિતાજીને

(vi) બાની પાકી માન્યતા કઈ હતી?

(A) દીકરી તો પારકી થાપણ કહેવાય.

(B) દીકરી જ ઘરની શોભા કહેવાય.

(C) રસોઈ કરે તે રાણી.

(D) વહુને ઘરમાં સૌથી નીચું સ્થાન મળવું જોઈએ.

(vii) એ કોલેરાએ ત્રીજે દિવસે સાંજે જ અમારા ઘર પર છાપો માર્યો. છાપો મારવો એટલે શું?

(A) પીછો કરવો

(B) વળતો હુમલો કરવો

(C) જાણી જોઈને હુમલો કરવો

(D) છાપે ચડાવવું

(viii) બાએ પોતાના મૃત્યુ પછીના લોકોચારને ટાળ્યો. આ શેનું પરણિામ હતું?

(A) બાના વિચારોમાં થયેલા વિકાસનું

(B) લેખકને કરેલી રોકટોકનું

(C) કુટુંબીજનોના આગ્રહનું

(D) કૌટુમ્બિક પરંપરાનું


Unnati Educations
9899436384, 9654279279

*(ix)* કુલ ખર્ચના 40% હિસ્સો ખાવા-પીવામાં ખર્ચાનો એટલે -

(A) 2/3 હિસ્સો ખર્ચાનો

(B) 2/4 હિસ્સો ખર્ચાનો

(C) 2/5 હિસ્સો ખર્ચાનો

(D) 1/3 હિસ્સો ખર્ચાનો

*(x)* બાએ નાના ભાઈના મિત્રનાં વખાણ કરેલાં. કારણ કે -

(A) શુકન-અપશુકનમાં માની સારા દિવસે પરણ્યો.

(B) જ્યોતષિના કહ્યા પ્રમાણે મુહૂર્ત અને ચોઘડિયા પ્રમાણે પરણ્યો.

(C) શુકન-અપશુકનમાં ન માની હોળીના દિવસે પરણ્યો.

(D) શુકન-અપશુકનમાં ન માની કાળી-ચૌદસના દિવસે પરણ્યો.

*(xi)* યુવાનીમાં કુટુમ્બના બધા સભ્યો પાસે ધાર્યું કામ કરાવવાની બા પાસે કુનેહ હતી એટલે કે -

(A) બા પાસે કામ કરાવવાની જાણકારી હતી.

(B) બા પાસે કામ કરાવવાનું જ્ઞાન હતું.

(C) બા પાસે કામ લેવાની હથોટી હતી.

(D) બા પાસે કામ કરાવવાની આવડત હતી.

*(xii)* બાનું પૈસા માટેનું જુઠ્ઠાણું બધા સાચું માનતા કારણ કે -

(A) બધાને વિશ્વાસ હતો કે બા કદી જૂઠ્ઠું ન બોલે.

(B) બધા બાને માન આપતા એટલે જૂઠ્ઠું પણ સાચું છે તેમ ચલાવી લેતા.

(C) બાના બધા સાચાની સાથે એક જૂઠ્ઠું ભળી જતું.

(D) બાનું પિયર ખૂબ સુખી હતું એટલે આટલા પૈસાતો આપે એમ બધાને લાગતું.


Unnati Educations
9899436384, 9654279279

*(xiii)* ફૂલ્યા ન સમાવવું એટલે.

(A) ફૂલી ફૂલીને મોટા થવું

(B) એટલા જાડા થવું કે ક્યાંય સમાવાય નહીં

(C) ગૌરવ અનુભવવું

(D) ખૂબ ખુશ થવું

*(xiv)* 'મારા સુધી વાત પહોંચતી' અહીં પહોંચતી શબ્દ શું દર્શાવે છે?

(A) ક્રિયા

(B) પ્રક્રિયા

(C) ભાવ

(D) અનુભવ

*(xv)* સોગઠા બાજીની રમતમાં 'ગોડિયું કાઢવું' એટલે શું?

(A) પોતાનું સોગઠું ગમે તેમ ચલાવવું.

(B) પોતાનું સોગઠું ચલાવવું જ નહીં.

(C) પોતાનું સોગઠું ઊંધી દિશામાં ચલાવવું.

(D) સોગઠાબાજી રમવાની બંધ કરી દેવી

*(xvi)* મહાન થવા કરતાં સામાન્ય થવું એ સ્ત્રી માટે કર્તવ્ય છે. એમ બા શા માટે માને છે?

(A) સ્ત્રીઓમાં મહાન થવાની શક્તિ જ હોતી નથી.

(B) સ્ત્રીઓનો જન્મ ઉત્તમ સંતાનો ઉછેરવા માટે થયો છે. તેવી તેમની માન્યતા હતી.

(C) પુરુષો સ્ત્રીઓને મહાન થવા જ ન દે.

(D) સામાજિક વાતાવરણ વિપરિત જ હોય છે.

*(xvii)* લેખક પર બાપુજી કરતાં બાના વ્યક્તિત્વનો વિશેષ પ્રભાવ દેખાય છે. એવું શા પરથી કહી શકાય?

(A) લેખક બા જેટલા જ સ્વાભિમાની છે તેથી

(B) લેખકે બા વિશે લખ્યું તે પરથી

(C) લેખકે પોતાના દીકરાના વ્યક્તિત્વ ઘડતરની અત્યંત કાળજી રાખી તે પરથી

(D) લેખક બા જેવા જ દેખાતા તે પરથી



**Unnati Educations**
**9899436384, 9654279279**

*(xxviii)* 'દીવોના બૂઝે' કૃતિનો સાહિત્યપ્રકાર કયો છે?

(A) આત્મકથા

(B) રેખાચિત્ર

(C) જીવન ચરિત્ર

(D) નવલકથા

*(xix)* ધાર્મિક ઉત્સવો, સામાજિક પ્રસંગો વગેરેમાં પૈસા, સમય, શક્તિ ખર્ચતા પહેલાં શેને પ્રાધાન્ય આપવું જોઈએ?

(A) સંતાનોના સંતોષકારક ઉછેરને

(B) પોતાના બેંક બેલેન્સને

(C) પોતાના અને કુટુંબના મોજશોખને

(D) આ બધાને

*(xx)* નોકરી ન હતી ત્યારે મિત્રની મદદથી બાપુજીએ કયું કામ સ્વીકાર્યું?

(A) મિલ મજૂરીનું

(B) વીમા એજન્ટનું

(C) મકાન-જમીનની દલાલીનું

(D) શેરબજારનું

*(xxi)* નીચેનામાંથી કયું નામ જાતિવાચક નથી?

(A) અરીસો

(B) પાવાગઢ

(C) દાળ

(D) ફળ


Unnati Educations
9899436384, 9654279279

*(xxii)* નીચેનામાંથી કયા ધાતુમાં 'આજાણ' પ્રત્યય નહીં લાગી શકે?

(A) ઘડવું

(B) વીણવું

(C) દળવું

(D) જવું

*(xxiii)* દીકરીયું નાટકનું પાંચમું દૃશ્ય કયું છે?

(A) ગોપાલના ઘરનું આંગણું

(B) દરિયા કિનારાનું દૃશ્ય

(C) બારાનું એક ફળિયું

(D) રાણીના ગામનું બજાર

*(xxiv)* ગિલાના મનમાં કઈ બાબત ખટકતી હતી?

(A) ઘરમાં ટી.વી. બે ઈંટો પર ગોઠવી મૂકેલું તે

(B) પોતે બીજો છકડો લાવી શકતો નથી

(C) કાનાએ પાકું મકાન બનાવી દીધું

(D) પોતે કાના કરતાં વધારે પૈસા કમાતો નથી

*(xxv)* નીચેનામાંથી કયો 'આંખ'નો સમાનાર્થી શબ્દ ન ગણાવી શકાય?

(A) દગ

(B) અક્ષ

(C) ચક્ષુ

(D) દૃષ્ટિ



Unnati Educations
9899436384, 9654279279

## વિભાગ – II

(ગુણ – 50)

**5.** નીચેનામાંથી કોઈપણ **પાંચ** પ્રશ્નોના જવાબ લખો : 10

*(i)* 'કણકણની આ મારી કેરી કથા' એટલે કોની કથા?

*(ii)* કાવ્યમાં ધ્રુવપંક્તિ કોને કહેવાય?

*(iii)* ગિલાના ડોસાએ શા માટે ગિલાને રોક્યો નહીં?

*(iv)* દીકરો રાજીમાને ઢોરાં વેચી, નિરાંતે રહેવાનું કેમ કહે છે?

*(v)* દામોદર દોશીની સરખામણીએ શામળશા શેઠ વધુ ગુજરાતી કેમ લાગે છે?

*(vi)* મીરાંને મન સાચું ઘરેણું કયું છે? કેમ?

**6.** નીચેનામાંથી કોઈપણ **બે** પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં લખો : 8

*(i)* ગાંધીજીએ મંગલ શબ્દને વિશ્વના વિશાળ વિસ્તારમાં કઈ રીતે વિસ્તાર્યો?

*(ii)* દીકરીયું નાટકમાં ચિત્રકારના પાત્રનું મહત્ત્વ સમજાવો.

*(iii)* કવિ 'સ્મૃતિસુખ' ને બદલે 'સ્મૃતિદુઃખ' પ્રયોગ શા માટે કરે છે?

**7.** નીચેનામાંથી કોઈપણ **ત્રણ** પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો : 12

*(i)* 'છકડો' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

*(ii)* કાવ્યના આસ્વાદ માટે કાવ્યના ખાસ વાચનની આવશ્યકતા કેમ છે?

*(iii)* 'મેરુ રે ડગે' કાવ્યનો કેંદ્રવર્તી વિચાર જણાવો.

*(iv)* હૂંડી કોને કહેવાય? તેનો ઉપયોગ શું થતો?



Unnati Educations
9899436384, 9654279279

**8.** નીચે આપેલા ફકરાનું $\frac{1}{3}$ ભાગમાં સંક્ષેપીકરણ કરો. 6

અર્વાચીન યુગના ઋષિ વિનોબાજીએ ધર્મગ્રંથોના ખુબ ઊંડા અધ્યયન પછી એનો સાર આપી, ગાગરમાં સાગર ભરી દીધી. આદિ શંકરાચાર્યે પણ બ્રહ્મ સત્યમ તો કહેલું પણ પછી કહેલું જગત મિથ્યા. આ મિથ્યા શબ્દે ઘણી ગેરસમજ ઊભી કરી છે. મિથ્યા એટલે ખોટું, જૂઠું કે નાશવંત એવો વ્યવહારિક અર્થ કરવામાં આવે છે. પણ મિથ્યાનો અર્થ છે—'જેવું દેખાય છે તેવું નહી'. ગાંધીજીએ મિથ્યાની વ્યાખ્યા સરસ કહી છે. 'મિથ્યા એટલે પ્રતિક્ષણ પરિવર્તિત.' આ જગત ક્ષણે ક્ષણે બદલાય છે. આમ જે સતત બદલાતું રહે છે તેનું નામ મિથ્યા, આમ, મોટેભાગે જગતમાં સંસાર મિથ્યા છે કહી એ નજર સામે દેખાતો હોવા છતાં તેના અસ્તિત્વનો ઈન્કાર કરવામાં આવે છે.

**9.** તમારી શાળામાં ઉજવાયેલ ગણતંત્ર દિવસનો અહેવાલ આશરે સો શબ્દોમાં લખો. 6

**10.** નીચેનામાંથી કોઈ પણ **એક** વિષય પર 250 – 300 શબ્દોમાં નિબંધ લખો : 8

*(i)* આધુનિક યુગ અને કૃત્રિમ બુદ્ધિ (Artificial Intelligence)

*(ii)* વહેલી સવારનું ભ્રમણ

★ ★ ★



Unnati Educations
9899436384, 9654279279